# રાજય સ્તરીય બેંકર્સ સમિતિ – ગુજરાત

## અવાર નવાર પૂછાતા પ્રશ્નો – અટલ પેન્શન યોજના

### 1. પેન્શન શું છે ? શા માટે મારે તેની જરૂર છે ?

પેન્શન લોકોને તેમના નિવૃતિકાળમાં માસિક આવક પૂરી પાડે છે. પેન્શનની જરૂરિયાત:

- ઉંમર વધવાની સાથે આવક કમાવાની ક્ષમતામાં ઘટાડો
- નવા વિભક્ત પરિવાર બનતા – આવક ધરાવતા સભ્યોનું સ્થળાંતર
- નિર્વાહ ખર્ચમાં વધારો
- દીર્ઘાયુષ્ય
- માસિક આવકની ખાતરી વૃદ્ધાવસ્થામાં પ્રતિષ્ઠિત જીવનની ખાતરી પૂરી પાડે છે.

### 2. અટલ પેન્શન યોજના શું છે ?

અટલ પેન્શન યોજના (APY) એ ભારતના નાગરિકો માટે ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના કામદારો પર ધ્યાન કેન્દ્રિત કરતી પેન્શન યોજના છે. આ અટલ પેન્શન યોજના હેઠળ, ગ્રાહકોને તેમના ફાળાને આધારિત ન્યૂનતમ રૂ. 1000/-, 2000/-, 3000/-, 4000/- અને 5,000/- ગેરંટીડ માસિક પેન્શન 60 વર્ષની ઉંમરે આપવામાં આવશે.

### 3. APY ના સભ્ય કોણ બની શકે ?

ભારતના કોઇ પણ નાગરિક APY યોજનામાં જોડાઇ શકે છે. યોગ્યતા માટેના માપદંડ નીચે મુજબ છે.

i. ગ્રાહકની ઉંમર 18 થી 40 વર્ષની વચ્ચે હોવી જોઈએ.
ii. તેમનું બેંકમાં બચત ખાતું હોવું જોઈએ / ખોલાવવું જોઈએ.

સંભવિત અરજદાર રજીસ્ટ્રેશન સમયે બેંકને આધાર અને મોબાઇલ નંબર આપી શકે છે જેનાથી અરજદારને APY ખાતાની નિયતકાલિક (periodic) માહિતી મેળવી શકે છે. જો કે, આધાર નોંધણી માટે ફરજિયાત નથી.

### 4. સરકારનો સહ ફાળો કેટલા વર્ષ માટે મળવા પાત્ર છે ?

જે ગ્રાહક આ યોજનામાં 1લી જૂન, 2015 થી 31મી ડિસેમ્બર, 2015 દરમ્યાન જોડાયેલ હોય અને કે જેઓ કાનૂની સામાજિક સુરક્ષા યોજના હેઠળ આવરી લેવાયેલ નથી અને ઇનકમ ટેક્સ ભરતા ના હોય, તેઓને સરકાર તરફથી પાંચ વર્ષ સુધી એટલે કે 2015-16 થી 2019-20 સુધી સહ ફાળો ઉપલબ્ધ છે. સરકારનો સહ-ફાળો એક વર્ષ માં એક વખત સેન્ટ્રલ રેકોર્ડ કીપીંગ એજન્સી પાસેથી સમર્થન પ્રાપ્ત કર્યા પછી પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) દ્વાર લાયક પેર્મનેંટ રિટાયરમેન્ટ એકાઉન્ટ નંબર (PRANs) માં ચૂકવવાપાત્ર છે. સરકારનો સહ-ફાળો પ્રથમ ગ્રાહકના બચત બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવશે અને ત્યારબાદ, આ સહ ફાળો બેન્ક દ્વારા APY ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. ગ્રાહકો દ્વારા આ સરકારનો સહ-ફાળો APY ફાળા સિવાય અન્ય કોઇપણ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં. જે સૂચિત કરે છે કે, આ સરકાર સહ-ફાળો જે વર્ષ 'ટી' માટે આપવામાં આવેલ હોય તે વર્ષ 'ટી +1' માં ગ્રાહકો યોગદાન હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે, જેનાથી વર્ષ 'ટી+1' માં ગ્રાહકના ફાળાનો શેર ઘટાડે છે. જે બેંક દ્વારા આપોઆપ, બેંક-એંડ કરવાની પ્રક્રિયા રહેશે.

**5. કયાં અન્ય સામાજિક સુરક્ષા યોજનાના લાભાર્થી છે, જેમને APY હેઠળ સરકારનો સહ ફાળો મેળવવા માટે પાત્ર નથી ?**

જે લાભાર્થીઓ કાનૂની સામાજિક સુરક્ષા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, તેઓ સરકારનો સહ ફાળો મેળવવા માટે લાયક નથી. ઉદાહરણ તરીકે, નીચે દર્શાવેલ રચનાઓ હેઠળ આવતી સામાજિક સુરક્ષા યોજનાના સભ્યો સરકારનો સહ ફાળો મેળવવા માટે પાત્ર નથી.

i. કર્મચારી પ્રોવિડન્ટ ફંડ અને વિવિધ જોગવાઈ ધારો, 1952.

ii. કોલસાખાણ પ્રોવિડન્ટ ફંડ અને વિવિધ જોગવાઈ ધારો, 1948.

iii. આસામ ચા વાવેતર પ્રોવિડન્ટ ફંડ અને વિવિધ જોગવાઈ ધારો, 1955.

iv. દરિયાઈ ખેડૂ પ્રોવિડન્ટ ફંડ ધારો, 1966

v. જમ્મુ કાશ્મીર એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ અને વિવિધ જોગવાઈ ધારો, 1961.

vi. કોઈપણ અન્ય કાનૂની સામાજિક સુરક્ષા યોજના.

**6. APY હેઠળ કેટલું પેન્શન પ્રાપ્ત થશે ?**

ગ્રાહકોને તેમના ફાળાને આધારિત ન્યૂનતમ રૂ. 1000/-, 2000/-, 3000/-, 4000/- અને 5,000/- ગેરંટીડ માસિક પેન્શન 60 વર્ષની ઉંમરે આપવામાં આવશે.

**7. APY યોજનામાં જોડવાથી શું લાભ થાય ?**

અટલ પેન્શન યોજના હેઠળ ન્યૂનતમ પેન્શન લાભ એ સરકાર દ્વારા ખાતરી કરેલ છે જેનો વાસ્તવિક અર્થ, જો ન્યૂનતમ ખાતરી પેન્શન માટે જરૂરી ફાળાનું વળતર અનુમાનિત કરતાં વાસ્તવિક વળતર ઓછું રહે તો, ઘટતું વળતર સરકાર દ્વારા પૂરું પાડવામાં આવશે. વળી જો, પેન્શન ફાળાનું વાસ્તવિક વળતર અનુમાનિત વળતર કરતાં વધારે હશે તો, તે ગ્રાહકોના ખાતામાં જમા થશે અને જેના કારણે ગ્રાહકોને મળતા લાભમાં વધારો થશે. APY માં, સરકાર દ્વારા દરેક પાત્ર ગ્રાહકને, જે આ યોજનામાં 1લી જૂન, 2015 થી 31મી ડિસેમ્બર, 2015 દરમ્યાન જોડાયેલ હોય, તેને ગ્રાહકના ફાળાના 50% અથવા વાર્ષિક 1000/- રૂપિયા, જે ઓછું હશે તે, ફાળાના રૂપમાં સહયોગ કરશે. સરકાર તરફથી પાંચ વર્ષ સુધી એટલે કે 2015-16 થી 2019-20 સુધી સહ ફાળો ઉપલબ્ધ છે. હાલ, નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) હેઠળ જોડાયેલ ગ્રાહક, નિયત કરેલ મર્યાદા સુધી કરેલ યોગદાન અને યોગદાન રોકાણના વળતર પર ઇનકમ ટેક્સનો લાભ મેળવવા માટે પાત્ર છે. વધુમાં, NPS છોડતાં વાર્ષિકી ખરીદવા ભાવ પણ કરપાત્ર નથી અને માત્ર ગ્રાહકને મળતી પેન્શન આવક સામાન્ય આવક ભાગ રૂપે ગ્રાહકને લાગુ થતાં યોગ્ય દરે વેરો લેવા માટે ગણવામાં આવે છે. આવી કર પધ્ધતી APY ના ગ્રાહકો માટે આપવામાં આવે તેવી દરખાસ્ત કરેલ છે. જો કે, હાલ, NPS હેઠળ ઉપલબ્ધ કર માફી જે APY હેઠળ ગ્રાહકો માટે લાગુ કરવાની બાકી છે.

**8. APY ના યોગદાનનું કેવી રીતે રોકાણ કરવામાં આવે છે ?**

APY ના ફાળાનું રોકાણ કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર / NPS-લાઇટ / સ્વાવલંબન યોજના / APY માટે PFRDA દ્વારા નક્કી કરેલ રોકાણ નીતિ મુજબ કરવામાં આવશે.

### 9. APY ખાતું કઈ રીતે ખોલાવી શકાય ?

i. જે બેંકમાં બચત ખાતું ધરાવતા હોય તે બેંક શાખાનો સપર્ક કરવો અથવા જો ગ્રાહકનું ખાતું ન હોય તો બચત ખાતું ખોલાવવું.

ii. બેંક ખાતાં નંબર આપી, બેંકના કર્મચારીની મદદથી APY નોંધણી ફોર્મ ભરવું.

iii. આધાર / મોબાઇલ નંબર આપવો. આ ફરજિયાત નથી, પરંતુ ફાળો સંબંધિત સંદેશ વ્યવહાર સુગમ બનાવવા, તે આપવું જોઈએ.

iv. માસિક / ત્રિમાસિક / છમાસિક ફાળાના ટ્રાન્સફર માટે બેંક બચત ખાતામાં જરૂરી રકમ જમા હોય તેની ખાતરી રાખવી.

### 10. શું યોજનામાં જોડાવા માટે આધાર નંબર ફરજિયાત છે ?

APY ખાતું ખોલવા માટે આધાર નંબર ફરજિયાત નથી. જો કે, ગ્રાહકના યોગ્ય ઓળખ માટે આધાર નંબર પૂરો પાડવો ઇચ્છનીય છે.

### 11. શું હું સેવિંગ્સ બેંક ખાતા વગર APY ખાતું ખોલાવી શકું ?

ના, APY માં જોડાવા માટે, બેંકમાં બચત ખાતું ફરજિયાત છે.

### 12. ખાતામાં ફાળો કઈ રીતે જમા થશે ?

યોગદાન (ફાળો) ગ્રાહકના બેંક બચત ખાતામાથી ઓટો ડેબિટ સુવિધા દ્વારા માસિક / ત્રિમાસિક / છમાસિક સમયાંતરે કરી શકાય છે.

### 13. APYમાં કેટલું યોગદાન કરવું પડે ?

માસિક / ત્રિમાસિક / છમાસિક યોગદાન, નક્કી / ઇચ્છિત માસિક પેન્શન અને જોડાવતા સમયે ગ્રાહકની ઉંમર પર આધાર રાખે છે. વધુ વિગત માટે પરિશિષ્ટ જોવું.

### 14. ફાળા માટે નિયત તારીખ (Due Date) કઈ રહશે ?

ફાળો (યોગદાન), માસિક યોગદાન કિસ્સામાં, તે ચોક્કસ મહિનાની કોઈપણ તારીખે / ત્રિમાસિક યોગદાન કિસ્સામાં, ત્રિમાસિકના પ્રથમ મહિનામાં કોઇપણ દિવસે / અર્ધવાર્ષિક યોગદાન કિસ્સામાં, અડધા વર્ષના પ્રથમ મહિનામાં કોઇપણ દિવસે બેંક બચત ખાતાં મારફતે ચૂકવણી કરી શકાય છે.

### 15. ફાળા માટે જરૂરી અથવા પૂરતી રકમ નિયત તારીખના રોજ સેવિંગ્સ બેંક ખાતામાં જાળવવામાં ન આવે તો શું થશે ?

વિલંબિત યોગદાન પર કોઈપણ મુદતવીતી દંડ/વ્યાજથી બચવા માટે ગ્રાહકોએ નિયત તારીખે તેમના બેંક બચત ખાતામાં જરૂરી બેલેન્સ રાખવું જોઈએ. માસિક / ત્રિમાસિક / અર્ધવાર્ષિક ફાળો બેંક બચત ખાતામાં મહિના / ત્રિમાસિક / અર્ધવાર્ષિક ના પ્રથમ તારીખે જમા કરી શકે છે. તેમ છતાં, જો મહિનાની છેલ્લી તારીખ / ત્રિમાસિકના પ્રથમ મહિનાની છેલ્લી તારીખ / અડધા વર્ષના પ્રથમ મહિનાના છેલ્લા દિવસ સુધી ગ્રાહકના બેંક બચત ખાતામાં જરૂરી રકમ ન રાખવાથી તેને ચૂક (default) ગણવામાં આવશે અને ફાળો તે પછીના માહિનામાં વિલંબિત ફાળા ઉપરાંત મુદતવીતી દંડ/વ્યાજ સાથે ચૂકવવાનો રહેશે. બેંકોએ દરેક વિલંબિત માસિક યોગદાન માટે તેના દરેક 100 રૂપિયા યોગદાન અથવા તેના ભાગ પર દર મહિને 1 રૂપિયો વસૂલવાનો રહેશે.

ત્રિમાસિક / અર્ધવાર્ષિક યોગદાનના કિસ્સામાં પણ વિલંબિત ચુકવણી પર તે મુજબ મુદતવીતી દંડ/વ્યાજ વસૂલવાનું રહેશે. એકત્રિત કરેલ મુદતવીતી દંડ/વ્યાજ ગ્રાહકના પેન્શન ભંડોળના ભાગ રૂપે રહેશે.

એક કરતાં વધુ માસિક / ત્રિમાસિક / અર્ધવાર્ષિક ફાળો જરૂરી રકમ ઉપલભ્યતા થતાં વસૂલ કરી શકાય છે. આવા તમામ કિસ્સાઓમાં, ફાળો ખર્ચ સાથે વસૂલ કરી શકાય છે. આ બેંકની આંતરિક પ્રક્રિયા રહેશે. આ મુદ્દતવીતી રકમ જયારે ખાતામાં જરૂરી રકમ ઉપલભ્યતા હશે ત્યારે વસૂલવામાં આવશે.

### 16. સતત ચૂક (default)ના કિસ્સામાં APY ખાતાનું શું થશે ?

ગ્રાહકના ખાતામાંથી એક સામયિક ધોરણે એકાઉન્ટ જાળવણી ખર્ચ અને અન્ય સંબંધિત ખર્ચ કપાત કરવામાં આવશે. ગ્રાહકના ખાતામાંથી એકાઉન્ટ જાળવણી ખર્ચ, ફી અને મુદતવીતી વ્યાજ વસુલતા જ્યારે એકાઉન્ટ બેલેન્સ શૂન્ય થશે ત્યારે ખાતું તરત જ બંધ કરવામાં આવશે. સરકારનો સહ-ફાળો મેળવેલ ગ્રાહકોના કિસ્સામાં, જ્યારે ગ્રાહકના કોર્પસમાંથી સરકારનો સહ-ફાળો બાદ કરતાં નેટ કોર્પસ ભંડોળ એકાઉન્ટ જાળવણી ખર્ચ, ફી અને મુદતવીતી વ્યાજ જેટલું હશે ત્યારે એકાઉન્ટ શૂન્ય થઈ ગયેલ ગણવામાં આવશે. આ કિસ્સામાં સરકારનો સહ-ફાળો સરકારને પરત કરવામાં આવશે.

### 17. APY ખાતાની જાળવણી માટે સંકળાયેલ ફી અને ખર્ચ કયાં છે?

**APY અંતર્ગત ખર્ચ અને ફી ટેબલ**

| મધ્યસ્થી | મુખ્ય ચાર્જ/ખર્ચ | સેવા સુલ્ક | વસૂલીની પધ્ધતિ |
|---|---|---|---|
| ઉપસ્થિત પોઇંટ્સ | i. પ્રારંભિક ગ્રાહક નોંધણી | ગ્રાહકોની સંખ્યા આધારિત રૂ. 120 થી રૂ. 150/-. | સ્વાવલંબન યોજનાની જેમ APY ના પ્રોત્સાહન, પ્રમોશન અને ડેવલપમેન્ટ ચાર્જ તરીકે સરકાર દ્વારા ચૂકવણું |
| | ii. અનુગામી દ્રઢતા | ગ્રાહક દીઠ વાર્ષિક રૂ.100/-. | |
| સેંટ્રલ રેકોર્ડકીપીંગ એજન્સીસ | i. ખાતું ખોલવાનો ચાર્જ | ખાતાં દીઠ રૂ.15/- | કેન્સેલ્લેસન ઓફ યુનિટસ્ |
| | ii. ખાતું જાળવણી ચાર્જ | વાર્ષિક ખાતાં દીઠ રૂ.40/- | |
| પેન્શન ફંડ મેનેજર્સ | ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ ફી | વાર્ષિક AUMના 0.0102% | નેટ એસેટ વેલ્યુ સમાયોજિત |
| કુસ્ટોડિયન (સંરક્ષક) | રોકાણ જાળવણી ફી | ઇલેક્ટ્રોનિક – વાર્ષિક AUMના 0.0075%<br>ફિજિકલ - વાર્ષિક AUMના 0.05% | નેટ એસેટ વેલ્યુ સમાયોજિત |

### 18. યોજનામાં જોડાવતા સમયે નોમિનેશન આપવું/કરવું જરૂરી છે ?

હા. APY ખાતામાં નૉમિનીની વિગતો પૂરી પાડવી ફરજિયાત છે. જો ગ્રાહક વિવાહિત હોય તો, પતિ / પત્ની મૂળભૂત નૉમિની બનશે. અવિવાહિત ગ્રાહક અન્ય વ્યક્તિને નૉમિની તરીકે નામાંકિત કરી શકે છે. પતિ / પત્ની અને નૉમિનીનો આધાર નંબર પૂરો પાડવો ઇચ્છનીય છે.

**19. હું કેટલાં APY ખાતાં ખોલાવી શકું છું ?**

ગ્રાહકના માત્ર એક APY ખાતું ખોલી શકે છે અને તે અનન્ય છે. એક થી વધારે એકાઉન્ટ્સ માટે પરવાનગી નથી.

**20. પેન્શન રકમ વધારવા કે ઓછી કરવા, માસિક ફાળામાં વધારો કે ઘટાડો કરવા માટે કોઇ વિકલ્પ હશે ?**

ગ્રાહક ઉપલબ્ધ માસિક પેન્શન પ્રમાણે, સંચય તબક્કા દરમિયાન વર્ષમાં એકવાર, પેન્શન રકમ વધારી કે ઘટાડી શકે છે. જો કે, સ્વિચિંગ વિકલ્પ એપ્રિલ મહિના દરમિયાન વર્ષે એક વાર આપવામાં આવશે.

**21. APY કઈ રીતે છોડી શકાય ? APY માંથી કઈ રીતે બહાર નીકળી શકાય ?**

**A. 60 વર્ષની ઉંમર પ્રાપ્તિ સમયે :**

60 વર્ષ પૂર્ણ કરવા પર, ગ્રાહક તેની સાથે સંકળાયેલ બેંકને બાંયધરીકૃત લઘુત્તમ માસિક પેન્શન અથવા જો રોકાણનું વળતર APYમાં આપેલ ખાતરી વળતર કરતાં વધારે હોય, તો ઊંચા માસિક પેન્શન મેળવવા માટે અરજી કરશે. ગ્રાહકના મૃત્યુના કિસ્સામાં નિર્ધારિત માસિક પેન્શન પતિ/પત્ની (મૂળભૂત નૉમિની) ને ચૂકવવાપાત્ર છે. ગ્રાહક અને પતિ/પત્નીનું મૃત્યુ થતાં ગ્રાહકની 60 વર્ષની ઉંમર સુધી સંચિત થયેલ પેન્શન ભંડોળ તેમના નૉમિનીને મળવા પાત્ર રહેશે.

**B. કોઇ કારણસર 60 વર્ષની ઉંમર બાદ ગ્રાહકના મૃત્યુ થવાના કિસ્સામાં :**

ગ્રાહકનું મૃત્યુ થતાં પેન્શન તેમની પતિ/પત્નીને મળશે તેમજ બંનેનું (ગ્રાહક અને પતિ/પત્ની) મૃત્યુ થતાં ગ્રાહકની 60 વર્ષની ઉંમર સુધી સંચિત થયેલ પેન્શન ભંડોળ તેમના નૉમિનીને પરત કરવામાં આવશે.

**C. 60 વર્ષની ઉંમર પહેલા :**

60 વર્ષની ઉંમર પહેલાં યોજનામાથી બહાર નીકળવાની પરવાનગી નથી. તે માત્ર અપવાદરૂપ સંજોગોમાં PFRDA દ્વારા પરવાનગી આપવામાં આવશે જેમ કે લાભાર્થીના મૃત્યુ અથવા ટર્મિનલ રોગ જેવા અપવાદરૂપ સંજોગોમાં NPS હેઠળની જોગવાઈ માફક અકાળ છોડવા માટે પરવાનગી આપવામાં આવશે.

**D. કોઇ કારણસર 60 વર્ષની ઉંમર પહેલા ગ્રાહકના મૃત્યુ થવાના કિસ્સામાં :**

APY હેઠળ સંચિત થયેલ પેન્શન ભંડોળ પતિ કે પત્ની / નૉમિનીને પરત કરવામાં આવશે. તદ્ઉપરાંત, પેન્શન પતિ કે પત્ની / નૉમિનીને મળવાપાત્ર રહેશે નહીં.

**22. હું કેવી રીતે મારા ફાળાની પરિસ્થિતિ જાણી શકું ?**

ગ્રાહકને PRAN સક્રિયકરણ, ખાતાની જમા રાશિ, યોગદાન ફાળાની સ્થિતિ વિગેરે સમયાંતરે એસએમએસ દ્વારા રજીસ્ટર મોબાઈલ નંબર પર જાણ કરવામાં આવશે. ગ્રાહકને ફિજિકલ ખાતાનું નિવેદન પણ પ્રાપ્ત કરાવવામાં આવશે.

**23. શું મને ખાતામાં કરેલ વ્યવહારનું કોઈ નિવેદન મળશે ?**

ગ્રાહકને APY ખાતાનું વાર્ષિક ફિજિકલ નિવેદન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**24. જો હું મારું રહેઠાણ / શહેર બદલું તો, હું કેવી રીતે APY ખાતામાં ફાળો જમા કરાવી શકીશ ?**

આવા સ્થળ ફેરફારના કિસ્સામાં પણ યોગદાન (ફાળો) ગ્રાહકના બેંક બચત ખાતામાથી ઓટો ડેબિટ સુવિધા દ્વારા કોઈ પણ ચૂક વગર ચૂકવી શકાશે.

**25. જો ગ્રાહક દેશના બિન-નાગરિક બની જાય તો, તેવા કિસ્સામાં શું થશે ?**

આ યોજના માત્ર ભારતીય નાગરિકો માટે જ છે. તેથી, આ કિસ્સામાં APY એકાઉન્ટ બંધ કરવામાં આવશે અને 60 વર્ષની વય પહેલાં સ્વૈચ્છિક બહાર નીકળવાના કિસ્સામાં ઉપર જણાવ્યા અનુસાર, ફાળો ગ્રાહકને પરત કરવામાં આવશે.

**26. NPS-લાઇટ / સ્વાવલંબન યોજનામાં જોડાયેલ ગ્રાહકોનું શું થશે ?**

**A. 18 થી 40 વર્ષ વચ્ચેના ગ્રાહકો:**

ગ્રાહક આપોઆપ APY યોજનામાં એક વિકલ્પ સાથે સ્થળાંતર કરશે. તેવા ગ્રાહકોને સ્થળાંતર પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સંકળાયેલ એગ્રીગેટર મદદ કરશે. ગ્રાહકો પણ તેમના સ્વાવલંબન ખાતાનાં APYમાં સ્થળાંતર માટે તેમના PRANની વિગતો સાથે નજીકની અધિકૃત બેંક શાખાનો સંપર્ક કરી શકે છે.

જે ગ્રાહકો સ્વાવલંબન યોજનામાંથી APYમાં  સ્થળાંતર કર્યું હોય, તેમને ભારત સરકારનો સહ-ફાળાનો લાભ બંને યોજના હેઠળ કુલ 5 વર્ષ કરતાં વધારે નહિ મળી શકે. દાખ્લા તરીકે, જો સ્વાવલંબન લાભાર્થી તરીકે સરકાર તરફથી સહ ફાળોનો લાભ 1 વર્ષ માટે મળ્યો હશે, તો સ્થળાંતર બાદ APY હેઠળ સરકારનો સહ-ફાળો માત્ર 4 વર્ષ માટે ઉપલબ્ધ હશે અને તેજ રીતે સૂચિત કરશે.

જે સ્વાવલંબન યોજનામાં જોડાયેલ ગ્રાહકોએ આપોઆપ APY યોજનામાં સ્થળાંતર માંથી બહાર રહેવાનો વિકલ્પ પસંદ કરેલ હોય, તેમને જો લાયક હશે તો, વર્ષ 2016-17 સુધી સરકારના સહ-ફાળો આપવામાં આવશે, અને આવા ગ્રાહકો NPS સ્વાવલંબન યોજના હેઠળ નિયત કરેલ ઉંમર સુધી જોડાયેલ રહેશે.

18 થી 40 વર્ષ વચ્ચેના અટલ પેન્શનમાં સ્થળાંતર કરેલ ગ્રાહકનું સંચિત થયેલ ભંડોર નિયત કરેલ ઉંમર સુધી તેજ PRANમાં વધારાની સંપત્તિ તરીકે  રાખવામાં આવશે. આ વધારાની રકમ / સંપત્તિ / ભંડોર, ગ્રાહકને એક ઉન્નત / વધારે પેન્સનના રૂપે અથવા ઊચક રકમના ઉપાડ રૂપે આપી શકાય છે. સ્વાવલંબન યોજનામાંથી APYમાં સ્થળાંતર કરેલ આવા ગ્રાહકોનું યોગદાન / ફાળો APY હેઠળ પસંદ કરેલ પેન્સન રકમ અને ગ્રાહકની ઉંમર આધારિત, અહિયાં દર્શાવેલ પરિશિષ્ટ મુજબ હશે.

**B. 40 વર્ષ ઉપરના ગ્રાહકો:**

સ્વાવલંબન યોજનામાં જોડાયેલ 40 વર્ષથી વધારે ઉંમર વાળા ગ્રાહકો અને જે યોજનામાં જોડાવા માગતાં નથી, તેઓ સંપૂર્ણ રકમ એકસાથે સામટી ઉપાડ કરી શકે છે અથવા 60 વર્ષ સુધી જોડાયેલ રહી મળવાપાત્ર વાર્ષિકીનો લાભ લઈ શકેશે.

***********

પરિશિષ્ટ - 1

## APY હેઠળ પ્રવેશ સમયની ઉંમર આધારિત વિવિધ લઘુતમ ગેરંટીકૃત પેન્સન રકમ અનુસાર માસિક, ત્રિમાસિક અને અર્ધવાર્ષિક યોગદાન અને નૉમિનીને મળવાપાત્ર ભંડોળ

| | | લઘુતમ ગેરંટીકૃત રૂ. 1000 માસિક પેન્શન | | | લઘુતમ ગેરંટીકૃત રૂ. 2000 માસિક પેન્શન | | | લઘુતમ ગેરંટીકૃત રૂ. 3000 માસિક પેન્શન | | | લઘુતમ ગેરંટીકૃત રૂ. 4000 માસિક પેન્શન | | | લઘુતમ ગેરંટીકૃત રૂ. 5000 માસિક પેન્શન | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નૉમિનીને મળવાપાત્ર ભંડોળ | | રૂ. 1.70 લાખ | | | રૂ. 3.40 લાખ | | | રૂ. 5.10 લાખ | | | રૂ. 6.80 લાખ | | | રૂ. 8.50 લાખ | | |
| પ્રવેશ સમયે ઉંમર | નિધાન સમયગાળો | માસિક હપ્તો | ત્રિમાસિક હપ્તો | અર્ધવાર્ષિક હપ્તો | માસિક હપ્તો | ત્રિમાસિક હપ્તો | અર્ધવાર્ષિક હપ્તો | માસિક હપ્તો | ત્રિમાસિક હપ્તો | અર્ધવાર્ષિક હપ્તો | માસિક હપ્તો | ત્રિમાસિક હપ્તો | અર્ધવાર્ષિક હપ્તો | માસિક હપ્તો | ત્રિમાસિક હપ્તો | અર્ધવાર્ષિક હપ્તો |
| 18 | 42 | 42 | 125 | 248 | 84 | 250 | 496 | 126 | 376 | 744 | 168 | 501 | 991 | 210 | 626 | 1239 |
| 19 | 41 | 46 | 137 | 271 | 92 | 274 | 543 | 138 | 411 | 814 | 183 | 545 | 1080 | 228 | 679 | 1346 |
| 20 | 40 | 50 | 149 | 295 | 100 | 298 | 590 | 150 | 447 | 885 | 198 | 590 | 1169 | 248 | 739 | 1464 |
| 21 | 39 | 54 | 161 | 319 | 108 | 322 | 637 | 162 | 483 | 956 | 215 | 641 | 1269 | 269 | 802 | 1588 |
| 22 | 38 | 59 | 176 | 348 | 117 | 349 | 690 | 177 | 527 | 1045 | 234 | 697 | 13.81 | 292 | 870 | 1723 |
| 23 | 37 | 64 | 191 | 378 | 127 | 378 | 749 | 192 | 572 | 1133 | 254 | 757 | 1499 | 318 | 948 | 1877 |
| 24 | 36 | 70 | 209 | 413 | 139 | 414 | 820 | 208 | 620 | 1228 | 277 | 826 | 1635 | 346 | 1031 | 2042 |
| 25 | 35 | 76 | 226 | 449 | 151 | 450 | 891 | 226 | 674 | 1334 | 301 | 897 | 1776 | 376 | 1121 | 2219 |
| 26 | 34 | 82 | 244 | 484 | 164 | 489 | 968 | 246 | 733 | 1452 | 327 | 975 | 1930 | 409 | 1219 | 2414 |
| 27 | 33 | 90 | 268 | 531 | 178 | 530 | 1050 | 268 | 799 | 1582 | 356 | 1061 | 2101 | 446 | 1329 | 2632 |
| 28 | 32 | 97 | 289 | 572 | 194 | 578 | 1145 | 292 | 870 | 1723 | 388 | 1156 | 2290 | 485 | 1445 | 2862 |
| 29 | 31 | 106 | 316 | 626 | 212 | 632 | 1251 | 318 | 948 | 1877 | 423 | 1261 | 2496 | 529 | 1577 | 3122 |
| 30 | 30 | 116 | 346 | 685 | 231 | 688 | 1363 | 347 | 1034 | 2048 | 462 | 1377 | 2727 | 577 | 1720 | 3405 |
| 31 | 29 | 126 | 376 | 744 | 252 | 751 | 1487 | 379 | 1129 | 2237 | 504 | 1502 | 2974 | 630 | 1878 | 3718 |
| 32 | 28 | 138 | 411 | 814 | 276 | 823 | 1629 | 414 | 1234 | 2443 | 551 | 1642 | 3252 | 689 | 2053 | 4066 |
| 33 | 27 | 151 | 450 | 891 | 302 | 900 | 1782 | 453 | 1350 | 2673 | 602 | 1794 | 3553 | 752 | 2241 | 4438 |
| 34 | 26 | 165 | 492 | 974 | 330 | 983 | 1948 | 495 | 1475 | 2921 | 659 | 1964 | 3889 | 824 | 2456 | 4863 |
| 35 | 25 | 181 | 539 | 1068 | 362 | 1079 | 2136 | 543 | 1618 | 3205 | 722 | 2152 | 4261 | 902 | 2688 | 5323 |
| 36 | 24 | 198 | 590 | 1169 | 396 | 1180 | 2337 | 594 | 1770 | 3506 | 792 | 2360 | 4674 | 990 | 2950 | 5843 |
| 37 | 23 | 218 | 650 | 1287 | 436 | 1299 | 2573 | 654 | 1949 | 3860 | 870 | 2593 | 5134 | 1087 | 3239 | 6415 |
| 38 | 22 | 240 | 715 | 1416 | 480 | 1430 | 2833 | 720 | 2146 | 4249 | 957 | 2852 | 5648 | 1196 | 3564 | 7058 |
| 39 | 21 | 264 | 787 | 1558 | 528 | 1574 | 3116 | 792 | 2360 | 4674 | 1054 | 3141 | 6220 | 1318 | 3928 | 7778 |
| 40 | 20 | 291 | 867 | 1717 | 582 | 1734 | 3435 | 873 | 2602 | 5152 | 1164 | 3469 | 6869 | 1454 | 4333 | 8581 |